છોટાઉદેપુર જિલ્લા ખાતે ૬ (છ) એડિશનલ પબ્લિક પ્રોસિક્યુટર તથા ૧ (એક) મહિલા પબ્લિક પ્રોસિક્યુટરની નવી જગ્યા ભરવાની જાહેરાત

નં.એમએજી/વશી/૧૭૦૮/૨૦૨૬
જિલ્લા મેજિસ્ટ્રેટ કચેરી, છોટાઉદેપુર
તા.ઈ-સાઈન મુજબ

// અખબાર યાદી //

ગૃહ વિભાગના પરિપત્ર ક્રમાંક: HD/MIS/e-file/8/2026/3525/L-1, તા.૧૭/૦૭/૨૦૨૬ થી આપવામાં આવેલ સૂચનાઓ ધ્યાને લઈ સરકારશ્રીએ છોટાઉદેપુર જિલ્લા કોર્ટ ખાતે કુલ ૬ (છ) એડિશન પબ્લિક પ્રોસિક્યુટર તથા સ્પેશિયલ પોક્સો કોર્ટ માટે ૧ (એક) મહિલા પબ્લિક પ્રોસિક્યુટરશ્રીની જગ્યા ભરવા માટે પેનલ રચવા નિર્ણય કરેલ છે. જે અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લા ન્યાયાલય ખાતેની કોર્ટમાં ૬ (છ) એડિશન પબ્લિક પ્રોસિક્યુટર તથા સ્પેશિયલ પોક્સો કોર્ટ માટે ૧ (એક) મહિલા પબ્લિક પ્રોસિક્યુટરની જગ્યા ભરવા માટે સને-૨૦૨૩ના ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૧૮(૪) મુજબ તથા સરકારશ્રીના પ્રોસિક્યુટીવ અધિકારી (નિમણૂક અને સેવાની શરતો) અને સરકારના કાયદા વિષયક કાર્યના સંચાલન નિયમો-૨૦૨૬ મુજબ પેનલ તૈયાર કરવાની થાય છે. આથી પ્રોસિક્યુટીવ અધિકારી (નિમણૂક અને સેવાની શરતો) અને સરકારના કાયદા વિષયક કાર્યના સંચાલન નિયમો-૨૦૨૬થી જોગવાઈ અનુસાર નીચે મુજબની લાયકાત ધરાવતા કાયદાના સ્નાતક ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

(૧) એડવોકેટ તરીકે ઓછામાં ઓછા સાત વર્ષથી સક્રિય હોય.

(૨) તેઓ ૩૦ (ત્રીસ) વર્ષથી ઓછી ઉમરના ન હોય અને ૫૫ (પંચાવન) વર્ષથી વધુ ઉમરના ન હોય.

(૩) તેઓ મહત્તમ ૬૦ (સાઠ) વર્ષની ઉમર સુધી તેઓની ફરજ બજાવી શકશે.

(૪) તેઓ પોતાની નિમણૂકના ઓછામાં ઓછા ૩ (ત્રણ) વર્ષ પૂર્વેની મુદત માટે આવકવેરા કરદાતા હોય.

- આ જગા માટે ઉમેદવારી નોંધાવવા ઈચ્છતા હોય તે ઉમેદવારોએ અત્રેની કચેરીની વેબસાઈટ https://chhotaudepur.gujarat.gov.in તથા https://chhotaudepur.nic.in પરથી ડાઉનલોડ કરી સંપુર્ણ વિગતો ભરીને જન્મ તારીખ, અનુભવ, શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ તથા છેલ્લા ત્રણ વર્ષના આવકવેરાના રીટર્ન સામેલ રાખીને અરજી ફોર્મ સ્પીડ પોસ્ટ દ્વારા જ આ કચેરીએ મોડામાં મોડા તા. /૧૧/૨૦૨૬ સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે.
- અધુરી વિગતવાળી અરજી તેમજ નિયત સમયમર્યાદા બાદ મળેલી અરજીઓ વિચારણામાં લેવામાં આવશે નહી.
- ઉક્ત ઉમેદવારોની પસંદગી બાદ ઉક્ત જગા ઉપર નિમણુંક પામનાર ઉમેદવારને ધી ગુજરાત પ્રોસિક્યુટીવ અધિકારી (નિમણૂક અને સેવાનો શરતો) અને સરકારના કાયદા વિષયક કાર્યના સંચાલન નિયમો-૨૦૨૬ મુજબ ફી તેમજ અન્ય ભથ્થાં મળશે.
- ઉમેદવારોને આ બાબતે જ્યારે ઈન્ટરવ્યૂમાં બોલાવવામાં આવે ત્યારે તેઓએ પોતાના ખર્ચે અસલ પ્રમાણપત્રો સાથે નિયત તારીખ, સમય અને સ્થળે હાજર રહેવાનું રહેશે.

(ગાર્ગી જૈન, IAS)
જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર

પ્રતિ,

૧) સહાયક માહિતી નિયામકશ્રી, છોટાઉદેપુર
/- દૈનિક વર્તમાનપત્રોમાં વિનામૂલ્યે પ્રસિધ્ધી આપવા સારૂ.

૨) ડિ.આઈ.ઓ.શ્રી, એન.આઈ.સી., છોટાઉદેપુર
/- અત્રેની કચેરીની વેબસાઈટ પર પ્રસિદ્ધી આપવા સારૂ.

નકલ સવિનય રવાના :

(૧) નાયબ સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ...

(૨) માન. પ્રિન્સીપાલ ડિસ્ટ્રીક્ટ એન્ડ સેસન્સ જજશ્રી, છોટાઉદેપુર તરફ જાણ તથા નામ. કોર્ટના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ થવા સારૂ...

(૩) માન. જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટશ્રી, ફર્સ્ટ ક્લાસ, કવાંટ/સંખેડા/નસવાડી/જેતપુરપાવી/છોટાઉદેપુર/બોડેલી તરફ જાણ તથા નામ. કોર્ટના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ થવા સારૂ...

નકલ જય ભારત સહ રવાના :

(૧) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ...(તમામ), ગુજરાત રાજ્ય તરફ જાણ તથા કચેરીના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ થવા સારૂ...

(૨) પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુર તરફ જાણ સારૂ...

નકલ રવાના :

(૧) નાયબ કલેક્ટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુર/કવાંટ/બોડેલી તરફ કચેરીના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ થવા સારૂ...

(૨) રજીસ્ટ્રારશ્રી, નામ. પ્રિન્સિપાલ ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ કોર્ટ, છોટાઉદેપુર તરફ જાણ તથા નામ. કોર્ટના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ થવા સારૂ...

(૩) પ્રમુખશ્રી, બાર એસોસિએશન, છોટાઉદેપુર જિલ્લા તરફ જાણ તથા કચેરીના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ થવા સારૂ...

(૪) જિલ્લા સરકારી વકીલશ્રી, છોટાઉદેપુર તરફ કચેરીના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ થવા સારૂ...

(૫) મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુર/કવાંટ/જેતપુરપાવી/સંખેડા/બોડેલી/નસવાડી તરફ કચેરીના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ થવા સારૂ...

(૬) નાયબ માહિતી નિયામકશ્રી, છોટાઉદેપુર તરફ...

૨/- દરેક સ્થાનિક દૈનિક વર્તમાનપત્રો અને અગ્રગણ્ય સમાચારપત્રોમાં વિનામુલ્યે અખબાર યાદીને બહોળી પ્રસિધ્ધિ કરી તેની નકલ અત્રે મોકલી આપવા સારૂ...

Signature Not Verified

Signed by:SARGI JAIN
Collector
Date:2026.11.16
17:19:21 +5:30

એડિશનલ પબ્લિક પ્રોસિક્યુટરની જગ્યા માટે અરજીનો નમૂનો

તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ લગાવી ઉમેદવારે સહી કરવી.

નામ:.....
સરનામું:.....
.....
.....
ટેલિફોન નં.....
મોબાઈલ નં.....
તારીખ:...../...../૨૦૨૬.

પ્રતિ,
જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી,
.....

વિષય:– એડિશનલ પબ્લિક પ્રોસિક્યુટરની નિમણૂક બાબત.

સાહેબશ્રી,

માનનીય સાહેબશ્રી ઉપરોક્ત વિષયની તા. / /૨૦૨૬ની જાહેરાતને અનુલક્ષીને ..... જિલ્લા ખાતે એડિશનલ પબ્લિક પ્રોસિક્યુટરની નિમણૂક મેળવવા સારુ નીચેની વિગતો સહ મારી ઉમેદવારી નોંધાવું છું.

(૧) અરજદારનું નામ (અટક) સાથે :–
(૨) (અ) હાલનુ સરનામું :–
(બ) કાયમી સરનામું :–
(૩) જન્મ તારીખ અને અરજી તારીખે :–
ઉમર વર્ષ..... માસ.....દિન...
(દાખલો સામેલ કરવો)
(૪) જન્મસ્થળ :–
(૫) રાષ્ટ્રીયતા :–
(૬) માતૃભાષા.
(૭) શૈક્ષણિક લાયકાત. (પ્રમાણપત્રો સામેલ રાખવા) :–
(૮) કાયદાના સ્નાતક કે તેની સમકક્ષ :–
શૈક્ષણિક પરીક્ષા પાસ કર્યાની તારીખ તથા વિગતો.
(૯) એડવોકેટ એકટ – ૧૯૬૧ ની કલમ :–
૧૭ નીચે એડવોકેટ તરીકે રજીસ્ટર્ડ
થયા તારીખ. (સનદની નકલ સામેલ રાખવી)
(૧૦) વકીલાત કઈ તારીખથી શરુ કરી અને કયાંથી :–
જે કોર્ટમાં વકીલાત શરૂ કરી હોય તે કોર્ટ દ્વારા
આપવામા આવેલ પ્રમાણપત્ર.
(નકલ સામેલ રાખવી)

(૧૧) જાહેરાતની તારીખ સુધીમાં કરેલ કુલ પ્રેકટીસ. :- વર્ષ.....
માસ.....
દિન.....

(૧૨) ઉમેદવાર ની અન્ય લાયકાત જો હોય તો તેની વિગત (આ અંગેના પ્રમાણિત આધરો સામેલ રાખવા) :-

(૧૩) છેલ્લા ત્રણ વર્ષના પ્રકારવાર અને વર્ષવાર એકંદરે વાર્ષિક આવક તથા ઈન્કમટેક્ષની વર્ષવાર વિગત (ફાઈલ કરેલ રીટર્નની નકલો અચુક સામેલ રાખવી) :- વર્ષ_____
વાર્ષિક આવક ₹_____
ભરેલ ઈન્કમટેક્સ ₹_____

(૧૪) અરજદાર સામે કોઈ પોલીસ ગુનો નોંધયો છે? કોઈ કોર્ટમાં કેસ ચાલુ છે? (વિગતો આપવી) :-

(૧૫) (અ) છેલ્લા ત્રણ વર્ષમાં ચલાવેલ ક્રિમીનલ કેસોની વિગત (ફોજદારી દાવાની માહિતી અલગ આપવી) :-

(બ) તે પૈકી કેટલા કેસ/ દાવા અરજીમાં સફળ થયાં. :-

(ક) કેટલા કેસમાં અપીલ કરી. :-

(૧૬) ઉમેદવારે અગાઉ કે હાલમાં એડીશનલ પબ્લિક પ્રોસિક્યુટર તરીકે ફરજ બજાવેલ હોય તો તે ફરજનો સમયગાળો તારીખ સહીત :-

તારીખ: / /૨૦૨૬. **(ઉમેદવારની સહી .....)**

સ્થળ: _____ **(ઉમેદવારનું નામ .....)**

બિડાણ:–

અરજી સાથે જોડેલ પ્રમાણિત નકલોની વિગત	
ક્રમ	**વિગત**
૧	
૨	
૩	
૪	
૫	
૬	
૭	
૮	
૯	
૧૦	